For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાન ગલ્લા પર થયેલી સામાન્ય તકરારમાં ખૂની ખેલ ખેલાયો

# ગોરવામાં પુત્રની નજર સામે પિતાની હત્યા

## ગોરવા પોલીસ સ્ટેશનની ગણતરીના અંતરે થયેલા મર્ડરના પગલે ઉચ્ચ અધિકારીઓ પણ દોડી આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરાના ગોરવા ગામના ગેટ પાસેથી બે સંતાનના પિતા પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એક્ટીવા પર આવેલા બે શખ્સે નાના સરખી તકરારની અદાવત રાખી ફરી તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. પુત્ર દૂરથી જોઈને તેમના તરફ બચાવવા માટે ભાગ્યો હતો પરંતુ પુત્ર પહોંચે તે પહેલા જ દરમિયાન મામલો વધુ ઉગ્ર બનતા એક્ટીવા સવાર બે શખ્સે લાકડીના માથામાં 3 ફટકા મારીને તેમને ઘટના સ્થળ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પુત્રે પોલીસ ફરિયાદ નોંધાવતા ગોરવા પોલીસે અત્યારે પૈકી એકની ધરપકડ કરી લીધી છે. જ્યારે અન્ય ની શોધ કરાઈ રહી છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રહેતા આરીફ ઘાંચી તેના પિતા અમીજી ઉર્ફે અબ્દુલ ઘાંચી 23 ફેબ્રુઆરીના રોજ રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં ગોરવા ગામના ચોકમાં ઘર બાજુ ગયા હતા. ત્યારે ગોરવા ગામના મેઈન રોડ બાજુના ગેટ તરફ જતા હતા અને ગોરવા ગામના ગેટ પાસે પહોચતા બે શખ્સ એક્ટીવા લઈને ધસી આવ્યા હતા અને અમીજી ઘાંચી સાથે ઝઘડો કરતા હતા. દરમીયાન તેમનો પુત્ર જોઈ જતાં ગોરવા ગામના ગેટ તરફ દોડીને આવી રહ્યો હતો. પુત્રે થોડેક દૂર થી જોયું તો તેમના પિતા સાથે સંદિપ વાઘેલા (રહે-મધુનગર સોસાયટી, શાહઝહા ગ્રાઉન્ડની સામે, મધુનગર, વડોદરા) તથા સોહિલ રાણા (રહે-નાગજી બાપુનુ પીડાની બાજુમાં આવેલ મકાનમાં, વડોદરા) ઝપાઝપી કરી રહ્યા હતા. દરમિયાન તેઓએ કોઈ હથિયાર કાઢી અમિજી ઘાંચીના માથાના ભાગે બે ત્રણ ઘા મારી દીધા હતા. ત્યારે હોસ્પીટલ માં હાજર તબીબ દ્વારા તેના પિતાને મરણ જાહેર કર્યા હતા. જેથી આરીફ ઘાંચીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે હત્યા કરનાર બે આરોપી પૈકી સોહિલ રાણાની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી હતી. જ્યારે સંદીપ વાઘેલાને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.



**સોહિલ રાણા**
હત્યાનો આરોપી



**અમીજી ઘાંચી**
ભોગ બનનાર

### પોલીસની 5 ટીમો એક્ટિવ

પોલીસ દ્વારા સોમવારે રાત્રીના સમયે બે સંતાનના પિતાની ઘાતકી હત્યા કર્યાં બાદ બંને આરોપી ફરાર થઇ ગયાં હતા. જ્યારે એક આરોપી સોહિલ રાણાને મૃતકનો પુત્ર ઓળખતો હોય ગણતરીના કલાકોમા ધરપકડ કરી લેવાઇ છે. જ્યારે અન્ય આરોપીનએ સંદિપ વાઘેલા ફરાર હોય તેમને ઝડપી પાડવા માટે ગોરવા પોલીસ સહિત એલસીબી, ડીસીબી સહિતના અલગ અલગ 5 ટીમો કાર્યરત કરાઇ છે.

**આર ડી કવા,** એસીપી બી ડિવિઝન

### FSLની મદદ લેવાઈ

ગોરવા વિસ્તારમાં ખુની ખેલ ખેલાયો છે. જેને લઇને પોલીસ દ્વારા ઘટના સ્થળ પર લગાવેલી સીસીટીવી કેમેરાના ફુટજેના આધારે તપાસ શરૂ કરાઇ છે. જ્યારે હાલમાં જુની કોઇ અદાવત હોય તેવી જણાઇ રહ્યું નથી. પરંતુ પોલીસે ઘટનાનું પંચનામ કરવા સાથે ક્રાઇમ સીન મેનેજર તથા એફએસએલની ટીમની મદદથી તપાસ શરૂ કરાઇ છે.

### શિક્ષકોનું રજીસ્ટ્રેશન પણ ઓનલાઇન કરાવી દેવામાં આવ્યું

# બોર્ડની પરીક્ષાના મૂલ્યાંકન માટે 73 હજારથી વધુ શિક્ષકોને ઓર્ડર

સ્કૂલે પોતાના શિક્ષકોના ઓનલાઇન ઓર્ડર કોલ લેટર ડાઉનલોડ કરી લેવાના હોય છે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

ગુ.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી 26 ફેબ્રુઆરીથી ધો.10-12ની પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. ત્યારે, ઉત્તરવહી મૂલ્યાંકન માટે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોના શિક્ષકોને ઓર્ડર કરી દેવામાં આવ્યો હતો. આ વર્ષે 73 હજાર કરતા વધુ શિક્ષકો ઉત્તરવહીની ચકાસણી કરશે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે ચાર હજાર શિક્ષકોનો મૂલ્યાંકન માટે વધારો કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષા શરૂ થયાના આઠથી દસ દિવસ બાદ દસ દિવસ બાદ બોર્ડ દ્વારા નક્કી કરાયેલા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં ઉત્તરવહી ચકાસણી શરૂ કરી દેવામાં આવે છે છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તરવહી ચકાસણી માટે બોર્ડ પરીક્ષાના ફોર્મ ઓનલાઈન સાથે જ શિક્ષકોનું રજીસ્ટ્રેશન પણ ઓનલાઈન કરાવી દેવામાં આવે છે.

જેમાં ધોરણ 10 અને 12 ના વિષયવાર શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયા બાદ બોર્ડ દ્વારા પરીક્ષા શરૂ થયાના થોડા દિવસ પહેલા શિક્ષકોને ઓનલાઈન ઓર્ડર પણ ઉત્તરવહી ચકાસણી માટે કરી દેવામાં આવે છે. સ્કૂલે પોતાના શિક્ષકોના ઓનલાઈન ઓર્ડર કોલ લેટર ડાઉનલોડ કરી લેવાના હોય છે.

આગામી 26મીથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ત્યારે, બોર્ડ દ્વારા આ વર્ષે ધોરણ 10 અને 12 સાયન્સ 12 સામાન્ય પ્રવાહના 73 હજારથી વધુ શિક્ષકોને ઉત્તરવહી ચકાસણી માટેના ઓનલાઈન ઓર્ડર કરી દેવામાં આવ્યા છે.

### વડોદરાના બિસ્માર રસ્તાઓને લઈ કોંગ્રેસ આક્રમક, કમિશનર કચેરી ગજવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓનો આગામી સમયમાં પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે વડોદરા શહેરના બિસ્માર રસ્તાઓને મુદ્દે રાજકારણ ગરમાયું છે. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે મ્યુનિસિપલ કમિશનરની કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનોએ માંગ કરી છે કે પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શહેરના તમામ મુખ્ય અને આંતરિક રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવે. રજૂઆત દરમિયાન કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, શહેરના મોટાભાગના વિસ્તારોમાં રસ્તાઓ 'ખખડધજ' હાલતમાં છે. ઠેર-ઠેર પડેલા ખાડાઓ અને ઉડતી ધૂળને કારણે વાહનચાલકો પરેશાન છે. ખાસ કરીને જ્યારે હજારો વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા માટે પોતાના કેન્દ્રો પર જવા નીકળશે, ત્યારે આ ખરાબ રસ્તાઓ ટ્રાફિક જામ અને અકસ્માતનું કારણ બની શકે છે. "વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષા તેમના જીવનનો મહત્વનો પડાવ છે.

જો રસ્તાઓ ખરાબ હશે તો વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકશે નહીં અને માનસિક તણાવ અનુભવશે." વડોદરા શહેર કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે શાસક પક્ષ વિકાસની વાતો કરે છે પરંતુ પ્રજા પ્રાથમિક સુવિધા એવા સારા રસ્તાઓ માટે પણ તરસી રહી છે. જો આગામી થોડા દિવસોમાં રસ્તાઓની સ્થિતિ સુધારવામાં નહીં આવે, તો કોંગ્રેસ દ્વારા ગાંધીચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

આ રજૂઆતમાં શહેર કોંગ્રેસ પ્રમુખ, વિરોધ પક્ષના નેતા, કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનર વતી જવાબદાર અધિકારીએ આવેદનપત્ર સ્વીકારી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

### 72,668 વિદ્યાર્થી પરીક્ષા આપશે

ગુજરાત શિક્ષણ બોર્ડની પરીક્ષાનો ગુરુવારથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે, આ વખતે ધો.10-12 બંનેના મળી 72 હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે પ્રકારે તમામ પરીક્ષા કેન્દ્રો પણ ખાસ આયોજન કરાયા છે. પરિક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી, ગુલાબનું ફૂલ આપી મીઠું મોઢું કરાવી આવકારવામાં આવશે. બોર્ડની પરીક્ષામાં આ વખતે પરીક્ષા કેન્દ્રો પર મેટલ ડિટેક્ટર તેમજ ફર્સ્ટ એઈડ ટીમ મુકાશે. વિદ્યાર્થીઓ ભૂલથી સ્માર્ટ વોચ કે મોબાઈલ જેવા ઉપકરણ ન લઈ જાય દરેક કેન્દ્ર પર નોડલ ઓફિસર મુકાશે, તે પરીક્ષા પહેલા ચકાસણી કરશે. એસએસસી બોર્ડની પરીક્ષા 4 ઝોનના 156 સ્થળો પર 1529 બ્લોકમાં લેવામાં આવશે. જેમાં કુલ 44,581 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે એચએસસી સામાન્ય પ્રવાહની 73 પરીક્ષા સ્થળોના 673 બ્લોકમાં 20,873 વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહમાં 38 પરીક્ષા સ્થળો પર 370 બ્લોકમાં 7214 વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ધોરણ 10-12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના 72,668 વિદ્યાર્થીઓ આ બોર્ડની પરીક્ષા આપશે. જ્યારે દર વખતની જેમ આ વખતે પણ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવી રહેલા કેદીઓ પણ પરીક્ષા આપનાર છે. જેમાં ધોરણ 10 અને ધોરણ 12 ના કુલ મળીને 14 જેટલા કેદીઓ બોર્ડની પરીક્ષા આપશે.

### વડોદરા જિલ્લા LCBની સર્જિકલ સ્ટ્રાઈક, 500ની હૂબહૂ ડુપ્લીકેટ નોટો છાપતું રેકેટ ઝડપાયું

# સાવલીના આસોજ ગામે નકલી ચલણી નોટોનું છાપખાનું ઝડપાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

સાવલી તાલુકાના આસોજ ગામે નકલી ચલણી નોટો બનાવતું એક મોટું રેકેટ પોલીસના હાથે ઝડપાયું છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે ચોક્કસ બાતમીના આધારે સર્જિકલ સ્ટ્રાઈક કરતા રાત-દિવસ 500ના દરની હૂબહૂ નકલી નોટો છાપતું છાપખાનું ઝડપી પાડ્યું છે.

આરોપીઓએ પોલીસની નજરથી બચવા માટે આસોજ ગામમાં એક શાંત અને એકાંત મકાન ભાડે રાખ્યું હતું, જ્યાં આધુનિક સાધનો વડે નકલી નોટોનું ઉત્પાદન થતું હતું. LCBની રેડ દરમિયાન મકાનમાંથી કલર પ્રિન્ટર, ખાસ પ્રકારનું કાગળ, શાહી તેમજ મોટી સંખ્યામાં છાપેલી 500ની નકલી નોટો જપ્ત કરવામાં આવી છે.પોલીસે ઘટનાસ્થળેથી આ કૌભાંડના મુખ્ય બે સૂત્રધારોને દબોચી લીધા છે. હાલ તપાસ એ દિશામાં ચાલી રહી છે કે અત્યાર સુધી આ નકલી નોટો કયા-કયા બજારોમાં વટાવવામાં આવી છે.



આ સાથે જ પોલીસ એ પણ તપાસી રહી છે કે આ રેકેટ પાછળ કોઈ મોટું આંતરરાજ્ય નેટવર્ક કાર્યરત છે કે નહીં. LCBની ટીમે તપાસનો દાયરો વિસ્તૃત કર્યો છે અને વધુ ધરપકડ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

પકડાયેલા આરોપીના નામ નરેન્દ્ર પાલ અને હેમંત જાગીર હોવાનું જાણવા મળે છે. આ મકાનનો ભાડા કરાર પણ થયો નથી અને પોલીસે મકાનમાલિક મુકેશ અને જયેશ પટેલને પૂછપરછ કરી જવા દીધા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### બરોડા ડેરીની ચૂંટણીનો શંખનાદ

# 18 માર્ચે જંગ, પ્રથમ દિવસે જ 100 ફોર્મનો ઉપાડ થયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની જીવાદોરી સમાન 'બરોડા ડેરી' વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ ની ચૂંટણીને લઈ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આગામી 18 માર્ચના રોજ યોજાનાર આ ચૂંટણી માટેની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. ફોર્મ વિતરણના પ્રથમ દિવસે જ ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જે સૂચવે છે કે આ વખતનો જંગ રસપ્રદ બની રહેશે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફોર્મ વિતરણના પ્રથમ દિવસે જ કુલ 100 ઉમેદવારી ફોર્મનો ઉપાડ થયો છે. આંકડાકીય દ્રષ્ટિએ જોતા, માત્ર 33 વ્યક્તિઓએ જ આ 100 ફોર્મ મેળવ્યા છે. સહકારી ક્ષેત્રના નિષ્ણાતોના મતે, એક જ વ્યક્તિ દ્વારા એકથી વધુ ફોર્મ ઉપાડવાની આ પ્રથા પાછળ 'પેનલ પોલિટિક્સ' અને 'વ્યૂહાત્મક તૈયારીઓ' જવાબદાર છે. ડમી ઉમેદવારો અથવા ટેકનિકલ કારણોસર ફોર્મ રદ ન થાય તે હેતુથી ઉમેદવારો દ્વારા વધુ ફોર્મ લેવામાં આવ્યા હોવાનું મનાય છે. બરોડા ડેરી વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના હજારો પશુપાલકો સાથે જોડાયેલી સંસ્થા છે. આથી, આ ચૂંટણી માત્ર વહીવટી પ્રક્રિયા નથી પરંતુ રાજકીય વર્ચસ્વની લડાઈ પણ છે. 26 ફેબ્રુઆરીએ ફોર્મ ભરાઈ ગયા બાદ અને 9 માર્ચે ચિત્ર સ્પષ્ટ થયા પછી પ્રચાર અભિયાનમાં મોટો ઉછાળો જોવા મળશે. તંત્ર દ્વારા પણ 18 માર્ચે પારદર્શક મતદાન અને તે જ દિવસે પરિણામોની જાહેરાત માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આગામી દિવસોમાં કયા દિગ્ગજો મેદાનમાં ઉતરે છે અને કઈ પેનલ મજબૂત બને છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

### વડોદરા મહાનગરપાલિકાનો મોટો નિર્ણય

# રહેણાક મકાનોમાં PG ચલાવનારાઓએ હવે કોમર્શિયલ પ્રોપર્ટી ટેક્સ ભરવો પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

શહેરમાં રહેણાક વિસ્તારોમાં ચાલતા પેઈંગ ગેસ્ટ અને હોસ્ટેલ વ્યવસાયો પર વડોદરા મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. પાલિકા દ્વારા લેવાયેલા તાજેતરના નિર્ણય મુજબ, જો કોઈ મિલકત માલિક પોતાના રહેણાક મકાનનો ઉપયોગ પીજી તરીકે કરશે, તો તેની આકારણી રહેણાકને બદલે 'કોમર્શિયલ' ધોરણે કરવામાં આવશે.

પાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર, જો કોઈ રહેણાક મિલકત એક સિંગલ ફેમિલીને ભાડે આપવામાં આવી હોય, તો તેની આકારણી રહેણાક તરીકે જ ચાલુ રહેશે. આવા કિસ્સાઓમાં વધારાનો વ્યાવસાયિક વેરો વસૂલવામાં આવતો નથી. પરંતુ, જો તે મિલકતનો ઉપયોગ પેઈંગ ગેસ્ટ કે હોસ્ટેલ તરીકે થતો હશે, તો તેને વ્યાવસાયિક પ્રવૃત્તિ ગણીને હોસ્ટેલના દર મુજબ કોમર્શિયલ ટેક્સ લાગુ કરવામાં આવશે.

આ નીતિના અમલીકરણ માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં દરેક વોર્ડ કક્ષાએ ખાસ પરિપત્ર જાહેર કરવામાં આવશે. જે મિલકતોમાં આવી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ચાલતી હશે તેવી મિલકતોને આઈડેન્ટીફાય કરવામાં આવશે અને ત્યારબાદ તેમને કોમર્શિયલ ધોરણે વેરા બિલ બજવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હોસ્ટેલ તરીકે આકારણી કરવાની નીતિ પહેલેથી જ અમલમાં છે, પરંતુ હવે તેને વધુ અસરકારક અને વ્યાપક બનાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. રહેણાક મકાનોમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવીને ટેક્સની ચોરી અટકાવવા અને પાલિકાની આવકમાં વધારો કરવાના હેતુથી આ ઝુંબેશ તેજ કરવામાં આવશે.

આ નિર્ણયથી શહેરમાં પીજી ચલાવતા મકાન માલિકોના વેરા બિલમાં મોટો વધારો થવાની શક્યતા છે, જેની સીધી અસર પીજીમાં રહેતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોના ભાડા પર પણ પડી શકે છે.તંત્રના નિર્ણયના પગલે પીજી ચલાવતાં સંચાલકોમાં એકાએક સોંપો પડી ગયો હતો.

### ગરમીનું પ્રમાણ યથાવત,તાપમાન 35.8 ડીગ્રી નોંધાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન 35.8 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 19.2 ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ સવારે 53 ટકા અને સાંજે 22 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગ મુજબ આગામી 8 માર્ચ બાદ ઉનાળો ભરપૂર થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં વાતાવરણ શુષ્ક બનશે. જોકે, તાપમાનમાં સતત ઉતાર ચઢાવ રહેશે. બપોરના સમયે મહત્તમ તાપમાન 35 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે રાત્રિના સમયે લઘુત્તમ તાપમાન 18 થી 20 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. આગામી થોડા દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી 2-3 ડિગ્રીનો ઘટાડો થતા સામાન્ય ઠંડીનો અનુભવ થવાની શક્યતા છે. રાજ્યના વિવિધ ભાગોમાં એકસાથે બે વેધર સિસ્ટમ સક્રિય થવાને કારણે વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

### પુરઝડપે દોડી રહેલી કારના ચાલકને માર્ગદર્શક બોર્ડ નહિ દેખાતા સ્ટેયરિંગ પર કાબુ ગુમાવ્યો

# GSFC બ્રિજ નજીક કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ,વૃદ્ધનું કરૂણ મોત

(પ્રતિનિધિ), વડોદરા.તા.24

વડોદરા નજીક GSFC બ્રિજ ઉતરતા પૂરઝડપે જઈ રહેલી કારના ચાલકને રસ્તા પરનું સાઈન બોર્ડ ન દેખાતા અચાનક કાર બેકાબૂ બની રોડ સાઈડના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં પાછળની સીટ પર સૂતેલા આધેડનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં અન્ય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વડોદરા શહેર જિલ્લામાં અકસ્માતોના બનાવોનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે, વધુ એક અકસ્માતની ઘટના બની હતી. GSFC સર્વિસ રોડ પરથી એક કાર પસાર થઈ રહી હતી. દરમિયાન કારના ચાલકને રસ્તા પરનું માર્ગદર્શક બોર્ડ દેખાયું નહોતું. ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી રોડની બાજુમાં આવેલા ઝાડમાં ઘૂસી ગઈ હતી. અકસ્માત સમયે કારની પાછળની સીટ પર સૂતેલા સાવરકુંડલા, અમરેલીના 72 વર્ષીય ધીરુભાઈ વલ્લભભાઈ નાકરાણીનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે ચાલક કાંતિભાઈ શ્યામજીભાઈ રાઠોડ જેઓ રહે શિવાજીનગર, સાવરકુંડલા, અમરેલીને બન્ને પગનાં ઘુંટણમાં, ખભામાં અને જમણા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### માંજલપુરમાં કચરાગાડીની બેદરકારી, વૃદ્ધનો આબાદ બચાવ

માંજલપુર સ્મશાન નજીક એક વૃદ્ધ પોતાના પરિવાર સાથે ફોન પર વાત કરતા પસાર થઈ રહ્યા હતા. આ સમયે પાલિકાનો કચરો ઉપાડતો ટેમ્પો રોંગ સાઈડમાં રિવર્સમાં આવી રહ્યો હતો. ડ્રાઈવરે પાછળ જોયા વગર જ ગાડી હંકારતા વૃદ્ધને જોરદાર ટક્કર વાગી હતી અને તેઓ જમીન પર પટકાયા હતા.આશ્ચર્યની વાત એ હતી કે, ટક્કર વાગ્યા બાદ પણ ડ્રાઈવર પોતાની જ ધૂનમાં ગાડી રિવર્સ લઈ રહ્યો હતો. આ દ્રશ્ય જોઈ આસપાસ ઉભેલા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. લોકોએ તાત્કાલિક જોરજોરથી બૂમો પાડીને ગાડી રોકવા ઈશારો કરતા ડ્રાઈવરે ગાડી થોભાવી હતી. જો લોકોએ સમયસર બૂમો ન પાડી હોત, તો આજે એક નિર્દોષ વૃદ્ધે જીવ ગુમાવવાનો વારો આવ્યો હોત.




બચી ગયેલા વૃદ્ધ

**આક્રોશ** પરિવાર અર્થી લઈને પહોંચ્યું ત્યારે સ્મશાનમાંથી લાકડા ભરેલા ટ્રેક્ટરો બહાર મોકલાયા: કોન્ટ્રાક્ટર સામે ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે ભારે રોષ

# દંતેશ્વર સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે લાકડા ખૂટ્યા!

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

શહેરના રામનાથ સ્મશાનનો વિવાદ હજુ શમ્યો નથી, ત્યાં દંતેશ્વર સ્મશાનમાં ગંભીર બેદરકારી અને ગેરરીતિનો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે. મંગળવારે એક શોકગ્રસ્ત પરિવાર જ્યારે પોતાના સ્વજનના અંતિમ સંસ્કાર માટે દંતેશ્વર સ્મશાન પહોંચ્યો ત્યારે લાકડા ન હોવાને કારણે કલાકો સુધી હાલાકી ભોગવવી પડી હતી.

આશ્ચર્યની વાત એ છે કે, જ્યારે પરિવાર અર્થી લઈને અંદર પ્રવેશતો હતો, ત્યારે જ સ્મશાનમાંથી લાકડા ભરેલા બે ટ્રેક્ટર બહાર જઈ રહ્યા હતા. મૃતકના પરિવારજનોએ જ્યારે ચિતા પર દેહ મૂક્યા બાદ લાકડાની માંગ કરી, ત્યારે સ્મશાનના કોન્ટ્રાક્ટર પપ્પુભાઈએ 'લાકડા નથી' તેવો ટૂંકો જવાબ આપ્યો હતો. પરિવારે જ્યારે પૂછ્યું કે, "અમારી નજર સામે જ બે ટ્રેક્ટર ભરીને લાકડા ક્યાં મોકલાયા?" ત્યારે કોન્ટ્રાક્ટર સંતોષકારક જવાબ આપવાને બદલે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. અંતે, મજબૂર પરિવારે અંતિમ ક્રિયા કરવા માટે બહારથી મોંઘા ભાવના લાકડા વેચાતા લાવવા પડ્યા હતા.

આ ઘટનાની જાણ થતા જ વિરોધ પક્ષના નેતા તાત્કાલિક દંતેશ્વર સ્મશાન દોડી આવ્યા હતા. તેઓએ તપાસ કરતા જાણવા મળ્યું કે ગોડાઉન ખાલી હતું. જ્યારે લાકડા ભરીને જઈ રહેલા ટ્રેક્ટરના મજૂરોને બોલાવી પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેઓએ જણાવ્યું કે, "અધિકારી પપ્પુભાઈએ અમને આ લાકડા રામનાથ સ્મશાન તેમજ અન્ય સ્મશાનમાં પહોંચાડવા માટે સૂચના આપી હતી."



### શું લાકડા બારોબાર વેચી દેવામાં આવે છે?

પરિવારજનો અને સ્થાનિકોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, પાલિકા દ્વારા દરેક અંતિમ ક્રિયા દીઠ આશરે 7,500 ફાળવવામાં આવતા હોવા છતાં લોકોને લાકડા માટે રઝળવું પડે છે. સ્મશાનના લાકડા બારોબાર વેચી દેવાનું મોટું કૌભાંડ ચાલતું હોવાની શંકા સેવવામાં આવી રહી છે. "એક તરફ સ્વજન ગુમાવવાનું દુઃખ હોય અને બીજી તરફ અંતિમ સંસ્કાર માટે લાકડા ન મળે તે પાલિકાના વહીવટ પર કલંક છે. આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ."

### વિઝા તૈયાર ન કર્યાં હોય રૂપિયા પરત માગતા ગાળો ભાંડવા માંડી

# યુકેના વર્ક પરમિટ બનાવી આપવાના બહાને યુવતી સાથે રૂ.19.58 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

માંજલપુર વિસ્તારમાં રહેતી બ્યુટી પાર્લર ચલાવતી મહિલાને યુકે વર્ક પરમિટ વિઝા બનાવી આપવાના બહાને ઠગ પિતા પુત્ર દ્વારા તેમની પાસેથી રૂપિયા 19.5 લાખ પડાવી લીધા હતા. પરંતુ કોઇ વિઝા નહી બનાવી આપ્યા હોય રૂપિયા પરત માગતા પિતા પુત્ર દ્વારા મહિલા ફોટા અને વિડીયો વાઇરલ કરવાની ધમકી આપી હતી. જેથી મહિલાએ ઠગ પિતા પુત્ર વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા સાર્થી ટેનામેન્ટમાં રહેતા સોનલબેન અરવિંદભાઈ પટેલે (ઉ.વ.45) નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ વાઘોડીયા રોડ પિતાંબર ટાઉનશીપમાં એ ન્ટીક બ્યુટી કેર નામથી બ્યુટી પાર્લર કરી મારા પરીવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ 2014માં સોશિયલ મીડિયા પર કેતુલ પટેલની ફ્રેન્ડ રીક્વેસ્ટ આવી હતી. જે તેમણે ન સ્વીકારતા આ સામાવાળાનો તેમને મેસેજ આવેલો કે બ્યુટી પાર્લર માટે વાત કરવી છે. મારી બહેનનું લગ્ન છે તો મારા પરીવારની સ્ત્રીઓને મેકઅપ કરીને તૈયાર થવાનું છે તો તમે મને તમારો કોન્ટેક નંબર મોકલી આપો. જેથી નંબર મેળવ્યાં બાદ તેઓ ગુડ મોનીંગ અને હાઈ હેલ્લોના મેસેજ કરતાં હતા અને મને તેઓએ મારી સાથે વાત કરવાનું તેઓને ગમે છે તેમ જણાવતાં હતા. ત્યારબાદ કેતુલે પટેલે તમારા વિદેશ જવુ હોય તો જણાવજો તેમ વાત કરી હતી. જેથી મહિલાએ વિદેશ જવામાં રસ હોય તેમણે પણ યુકે જવા માટે જણાવ્યું હતું. જેથી તેમણે વિદેશના વર્ક પરમિટ વિઝા બનાવી આપવાના બહાને રૂપિયા 19.58 લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ તેમના પર ક્રોસ લેટર વોટ્સએપ પર મોકલી ડિલીટ કરી નાખ્યો હતો. ઘણો સમય થઇ ગયો હોવાં કોઇ વિઝા બનાવી આપ્યાં ન હતા. જેથી મહિલાએ રૂપિયાની પરત માગણી કરતા તેમની સાથે ફોટા તથા વિડિયો વાઇરલ કરવાની ધમકી આપતો હતો. આમ વિઝા નહી બનાવી આપીને કેતુલ પટેલ તથા કનુ પટેલ દ્વારા રૂપિયા 19.58 લાખની છેતરપિંડી આચરવામાં આવી હોય પોલીસે પિતા પુત્ર સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.